# Lions International

District 3232-B1 | 2026-2027

3rd Floor, Lions Hub, Parshva Eminent, Nr. Gujarat College, Ellise Bridge, Ahmedabad 380006

**Call :** 98257 80831 • **Web :** www.lions3232b1.org • **Email :** liongirvanmehta3232b1@gmail.com

જૂન 2026

પરિપત્ર : 02


# Lions સંવાદ

## Lions – સદા સહાયતે

**ડિસ્ટ્રિક્ટ 3232 B1 પરિવાર,**

1લી જુલાઈ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દિલની ધડકનો પણ વધતી જાય છે. હું અને આપ સૌ સાથે મળીને, આ વર્ષે આપણા ડિસ્ટ્રિક્ટને એક નવી ઊંચાઈ ઉપર લઈ જવાનું સ્વપ્ન જોઈ રહ્યા છીએ અને તેને સાકાર કરવા માટે આપણે સૌ સાથે મળીને, અનન્ય પ્રયાસ કરીશું જ તેની મને સંપૂર્ણ ખાતરી છે.

તાજેતરમાં જ માઉન્ટ આબુ મુકામે યોજાયેલ **8મા મલ્ટીપલ અધિવેશન**માં આપણા **ડિસ્ટ્રિક્ટે પાંચ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે,** તે બદલ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન.  સાથે જ આપણા સન્માનનીય ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી પ્રકાશ અગ્રવાલ આવનાર વર્ષ માટે મલ્ટીપલના કાઉન્સિલ ટ્રેઝરર નિમણૂક પામ્યા છે, તેમને પણ હાર્દિક અભિનંદન. મલ્ટીપલ કાઉન્સિલ ચેરમેન શ્રી રિના ધુપિયાના નેતૃત્વમાં આપણું મલ્ટીપલ સમગ્ર ભારતનું એક ઉત્તમ મલ્ટીપલ બની રહે તે માટે આપણે સૌ સતત પ્રયત્નશીલ રહીશું.

આપ સૌને વિદિત છે કે, Mission 1.5 નું આ અંતિમ વર્ષ છે અને આપણે આપણા લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે ખૂબ મહેનત કરવાની છે. પરંતુ તે પણ આપણે સૌ સાથે રહીને ચોક્કસ પૂર્ણ કરીશું.

મિત્રો, આવનાર વર્ષ **"યુવા વર્ષ"** છે. યુવાનોને અનુલક્ષીને ગઈકાલે જ કાર્યશાળાના પ્રથમ દિવસે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. નીરજા ગુપ્તાના વરદ હસ્તે, આપણી લાયન્સ ક્લબ્સ અને અમદાવાદ જિલ્લાની કોલેજોના NSS વિભાગ સાથે એક મહત્વપૂર્ણ સમન્વય શરૂ થયો છે, તેનો આપણને વિશેષ આનંદ છે.

આ પ્રયોગ દ્વારા આપણી ક્લબો, કોલેજોમાં જઈને યુવાઓ સાથે વિવિધ કાર્યક્રમો કરી શકશે અને યુવા શક્તિને લાયન્સ સાથે જોડવાની એક નવી દિશા મળશે. ખાસ કરીને પ્રમુખશ્રીઓને વિનંતી છે કે આપને ફાળવેલી કોલેજના આચાર્યશ્રી તથા NSS વિભાગના વડાને તાત્કાલિક મળીને આવનાર વર્ષના યુવા કાર્યક્રમો માટે અત્યારથી જ આયોજન શરૂ કરશો. એવું કરશો તો આખું વર્ષ યુવાઓ સાથે સતત અને અસરકારક પ્રવૃત્તિઓ કરી શકશો.

મારી હોમ ક્લબ, લાયન્સ ક્લબ અમદાવાદ હોસ્ટ, છેલ્લા 25 વર્ષથી એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ અને તેના NSS યુનિટ સાથે જોડાઈને વર્ષ દરમિયાન અનેકવિધ યુવા પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક કરી રહી છે. તે અનુભવ પરથી હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે આ ગોઠવણ ક્લબ અને કોલેજ - બંને માટે ખૂબ લાભદાયક સાબિત થશે.

ગઈકાલે, "A New Look at Lions" કાર્યશાળાના પ્રથમ સત્રમાં આપણા પૂર્વ ગવર્નરશ્રીઓએ તેમના અનુભવનો અમૂલ્ય નીચોડ આપ્યો. IPDG અને ચેરમેન શ્રી દક્ષેશ સોનીના નેતૃત્વમાં ઉત્તમ ઉદાહરણ રુપ કાર્યશાળા બની રહી. આપ સૌનો ખૂબ આભાર!

હવે તા. 14 જૂને, બીજી વખત મળીશું ત્યારે ડિજિટલ ટેકનોલોજીના યુગને ધ્યાનમાં રાખીને, આપણી ડિસ્ટ્રીક્ટ વેબસાઈટ, online રિપોર્ટિંગ, AI, Canva અને ChatGPT જેવા વિષયો ઉપરાંત યુથ કોંકલાવ અને NLP ટ્રેનર જાનકી ભટ્ટ દ્વારા "સ્ટ્રેસ ફ્રી કાર્ય કેવી રીતે કરવું" તે અંગે વિશેષ માર્ગદર્શન મળશે. આ કાર્યશાળામાં, આપણે સ્પાઉસીસને પણ આમંત્રિત કર્યા છે. તેનો પૂરેપૂરો લાભ લેશો તો આવનાર વર્ષ માટેનો આપનો ઉત્સાહ અને ઊર્જા કાયમ રહેશે.

આવો, આપણે સૌ સાથે મળીને આવનાર વર્ષને એક ઉત્તમ અને યાદગાર વર્ષ બનાવવા માટે અત્યારથી જ તૈયારી શરૂ કરીએ.

આપનો વિનમ્ર,

**લાયન ગીર્વાણ મહેતા**

ડિસ્ટ્રીક્ટ ગવર્નર (E)




**Girvan Mehta**
District Governor
98257 80831

**Pankaj Shah**
Cabinet Secretary

**Dhirendra Patel**
Dy.Cabinet Secretary

**Hetal Soni**
Jt.Cabinet Secretary

Editor
**Kaushik Mehta**
DC Communication & Publication
99788 15969

Design
**Maulik Manilal Rajput**
9428612562

## કેબિનેટ સેક્રેટરીની કલમે...

પ્રિય લાયન મિત્રો,

જૂન 2026 ના આ પ્રિ-સર્ક્યુલર દ્વારા લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 B1 ના આવનાર લાયોનિસ્ટિક વર્ષ 2026-27 માટે આપ સૌને ખુબ ખુબ શુભેચ્છાઓ.

1લી જુલાઈ 2026 થી નવા લાયોનિસ્ટિક વર્ષની શરૂઆત સાથે સેવા, સંકલન અને નવી ઉર્જાનો પ્રારંભ થશે.

કેબિનેટ સેક્રેટરી ટીમ દ્વારા ડિસ્ટ્રિક્ટ વહીવટ અને સંદેશાવ્યવહારને વધુ સુવ્યવસ્થિત બનાવવા પ્રતિબદ્ધ છે. ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રી, કેબિનેટ સભ્યો, ઝોન ચેરપર્સન અને જુદી જુદી સમિતિઓ વચ્ચે મજબૂત સંકલન જાળવવામાં સેક્રેટરી ટીમ પ્રયત્નશીલ રહેશે.


કેબિનેટ મીટિંગ, સેવાકીય કર્યો અને ડિસ્ટ્રિક્ટની પ્રવૃત્તિઓનું સમયસર આયોજન કરી પ્રચાર, માહિતી પ્રસાર અને અસરકારક સંવાદ દ્વારા ડિસ્ટ્રિક્ટની દરેક પ્રવૃત્તિ વધુ સફળ બને તે માટે સતત પ્રયત્ન કરવામાં આવશે.

ડિસ્ટ્રિક્ટની દરેક ક્લબ અને સભ્ય સુધી ડિજિટલી માહિતી પહોંચે તે માટે વિશેષ ધ્યાન આપવામાં આવશે. આપણા આદરણીય ડિસ્ટ્રિક્ટ ગવર્નરશ્રીના માર્ગદર્શન હેઠળ સેવા, ફેલોશિપ અને શ્રેષ્ઠતાના મૂલ્યોને આગળ વધારીશું.

આપ સૌના સહકાર, સૂચનો અને સક્રિય ભાગીદારી દ્વારા જ ડિસ્ટ્રિક્ટ 3232 B1 નવી સિદ્ધિઓ હાંસલ કરી શકશે. ચાલો, ટીમવર્ક સાથે એક યાદગાર તથા ગૌરવશાળી લાયોનિસ્ટિક વર્ષનું નિર્માણ કરીએ.

**લાયન પંકજ શાહ**
કેબિનેટ સેક્રેટરી (D)



Lions International
District 3232 B1 | 2026-27

CLUB AND COLLEGE CORDINATION FOR NSS & LEOS

| Sr | College | LEO & LIONS CLUB |
|---|---|---|
| 1 | L. D. ENGGINEERING COLLEGE | LEO & LIONS CLUB OF AHMEDABAD HOST |
| 2 | Ahmedabad Arts & Comm. College | LEO & LIONS CLUB OF AHMEDABAD BRILLANCE |
| 3 | H.K. Arts College | LEO & LIONS CLUB OF AHMEDABAD BRILLANCE |
| 4 | H.K. Comm. College | LIONS CLUB OF AHM DIVINE |
| 5 | S.L.U. Arts & H.P.T. Comm. College For Women | LEO & LIONS CLUB OF AHM ELLISEBRIDGE |
| 6 | M.B. Patel Rashtrabhasha Vinayan Aur Vanijya Mahavidyalaya, | LEO & LIONS CLUB OF AHM ELLISEBRIDGE |
| 7 | Gujarat Arts & Comm. College (Eve.) | LEO & LIONS CLUB OF AHM ELLISEBRIDGE |
| 8 | Gujarat Arts & Science College (Eve.) | LEO & LIONS CLUB OF AHM ELLISEBRIDGE |
| 9 | Gujarat Comm. College(Morn.) | LEO & LIONS CLUB OF AHM ELLISEBRIDGE |
| 10 | Ahmedabad Arts & Comm. College | LEO & LIONS CLUB OF VASNA |
| 11 | N.C. Bodiwala And Prin. M.C. Desai Commerce College | LEO & LIONS CLUB OF SARKHEJ |
| 12 | Bhavan's R.A. Arts & Comm. College | LEO & LIONS CLUB OF SARKHEJ |
| 13 | Sheth R.A. College of Science | LEO & LIONS CLUB OF SARKHEJ |
| 14 | H.L. Comm. College | LEO & LIONS CLUB AHM SATELLITE |
| 15 | L.D. Arts College | LEO & LIONS CLUB OF AHM SOUTH |
| 16 | St. Xavier's College | LEO & LIONS CLUB OF AHM RAJNAGAR |
| 17 | B. K. School of Professional and Management Studies | LEO & LIONS CLUB OF GEMS FRIENDS |
| 18 | M. G. Science College | LEO & LIONS CLUB OF HRIDAY KAMAL |
| 19 | R.J. Tibrewal Commerce College | LIONS CLUB OF SARKHEJ STAR |
| 20 | M.P. Arts & M.H. Comm. College For Women | LIONS CLUB OF SARKHEJ STAR |
| 21 | Shree Narayana College of Commerce | LIONS CLUB AHM GEMS |
| 22 | P.D. Pandya Mahila Comm. College | LIONS CLUB OF VATVA IND. |
| 23 | Shri K.K. Arts And Comm. College,Dholka | LIONS CLUB OF DHOLKA |
| 24 | Smt. R.D. Shah Arts & Smt. V.D. Shah Comm. College | LIONS CLUB OF DHOLKA |
| 25 | Desai C.M. Arts & Comm. College,Viramgam | LEO & LIONS CLUB OF VIRAMGAM |
| 26 | Govt. Arts College,Viramgam | LEO & LIONS CLUB OF VIRAMGAM |
| 27 | Smt. Ramila Ben Bachubhai Patel Arts & Com.College,Sanand | LEO & LIONS CLUB OF SANAND |
| 28 | Govt. Arts & Sci. College,Sanand | LEO & LIONS CLUB OF SANAND |

લાયન્સ ઈન્ટરનેશનલ, ડિસ્ટ્રિક્ટ 3232 B1 દ્વારા વર્ષ 2026-27 માટે NSS અને LEOS અંતર્ગત ‘ક્લબ અને કોલેજ સંકલન’ ની યાદી આ સાથે સામેલ છે. જેમાં અમદાવાદ, ધોળકા, વિરમગામ અને સાણંદની 28 પ્રતિષ્ઠિત કોલેજોને અલગ-અલગ લિયો અને લાયન્સ ક્લબ સાથે જોડવામાં આવી છે.

આ બાબતે ડિસ્ટ્રિક્ટ નો મુખ્ય ઉદ્દેશ સેવા, શિક્ષણ, નેતૃત્વ અને પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં “Together We Can Do More” ના સૂત્ર સાથે કામ કરવાનો છે.

## કેબિનેટ ટ્રેઝરરની કલમે...

પ્રિય લાયન મિત્રો,

30 જૂન 2026 સુધી Exchange Rate ₹85.92 નક્કી કરેલ છે. 1 જુલાઈ 2026 પછી તે વધીને અંદાજે ₹95/- થઈ શકે છે. એક્સચેન્જ રેટના વધારા નો લાભ મળે તે હેતુથી International Dues એડવાન્સમાં જમા કરાવી દેવા વિનંતી, જેથી ક્લબને નાણાકીય બચત થશે.

ડિસ્ટ્રિક્ટ ડ્યુઝનું બિલ જુલાઈમાં મળશે. જો ક્લબ Dt.31/08/2026 સુધીમાં ડ્યુઝ ભરશે, તો તેને 7% ડિસ્કાઉન્ટ મળશે. ત્યાર બાદ આ લાભ મળશે નહીં.

તા. 26/07/2026 ના રોજ યોજાનાર ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશનમાં ક્લબ મેમ્બર્સ માટે 30 જૂન ૨૦૨૬ સુધી કપલ પાસ માત્ર Rs 1000/- માં મળશે.

ગવર્નરશ્રી દ્વારા જાહેર કરાયેલ cabinet members contribution ડિસ્ટ્રિક્ટમાં તાત્કાલિક જમા કરાવવા વિનંતી.

**કેતન પંચાલ**
કેબિનેટ ટ્રેઝરર (D)

## Mission Life Membership – A Lifetime Decision

There comes a time in Lionism when a single decision defines your long-term commitment and vision. Becoming a Life Member of is one such powerful step. With a one-time payment of $ 650, you free yourself from all future international dues for life. Who has completed 20 years in Lionism is eligible.

# “A New Look of Lions” લાયન્સ ક્લબ, ડિસ્ટ્રિક્ટ કેબિનેટ અને લિયો ક્લબ ઑફિસર્સ સ્કૂલ (2026-27)













## લાયન્સ ક્લબ, ડિસ્ટ્રિક્ટ કેબિનેટ અને લિયો ક્લબ ઑફિસર્સ સ્કૂલ 2026-27

લાયન્સ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 B1 દ્વારા LML School, ઓગણજ ખાતે “A New Look of Lions” થીમ હેઠળ ઑફિસર્સ સ્કૂલનું આયોજન કરવામાં આવ્યું. Schooling Chairman પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી દક્ષેશ સોનીના સફળ નેતૃત્વમાં યોજાયેલ આ કાર્યશાળાનો હેતુ વર્ષ 2026-27 માટે ક્લબ, કેબિનેટ અને લિયો અધિકારીઓને અસરકારક નેતૃત્વ અને સંચાલન માટે તાલીમ આપવાનો હતો.

Past International Director Shri Pravinbhai Chhajed એ પોતાના સંદેશમાં ડિસ્ટ્રીક્ટ ગવર્નર ઇલેક્ટ ગિરવાન મહેતા તથા સમગ્ર સ્કૂલિંગ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ડિસ્ટ્રીક્ટ ગવર્નર ઇલેક્ટ ગિરવાન મહેતા દ્વારા વર્ષ 2026-27ના લોગો “લાયન્સ સદાસહાયતે”, ગુજરાત યુનિવર્સિટી સાથેના NSS Leo Program MOU તથા વર્ષનું સૂત્ર “Together WeCanDoMore” રજૂ કરવામાં આવ્યું.

કાર્યશાળાનું ઉદ્ઘાટન District Governor પ્રકાશભાઈ અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું, જ્યારે GAT Area Leader અનિલભાઈ અગ્રવાલ દ્વારા ડિસ્ટ્રિક્ટની વેબસાઇટ www.lionsdistrict3232b1.org લૉન્ચ કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. નીરજા ગુપ્તાએ યુવા નેતૃત્વ અને સામાજિક જવાબદારી અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું.

આ તાલીમ કાર્યશાળામાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી મિલનભાઈ દલાલ, ડૉ. ભરત રાવ, ડૉ. યોગેશ દવે, શ્રી વિકાસભાઈ જૈન, શ્રી મણિલાલ પટેલ, શ્રી સૌરભભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી સુભાષભાઈ દસાણી, શ્રી દેવજીભાઈ પટેલ, ભાવનાબેન ત્રિવેદી, શ્રી રસિકભાઈ પટેલ, શ્રી ધર્મેશભાઈ સોની, શ્રી વિનોદભાઈ પટેલ અને શ્રી રાજેશભાઈ શાહ દ્વારા ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઑફિસર્સ, ક્લબ તથા લિયો પદાધિકારીઓને LCIF, મેમ્બરશિપ, આયોજન, રિપોર્ટિંગ, બજેટિંગ, GST અને યુવા નેતૃત્વ જેવા મહત્વના વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ અધિકારીઓને વધુ સક્ષમ, જવાબદાર અને અસરકારક નેતૃત્વ માટે તૈયાર કરવાનો હતો.

માહિતીસભર પેનલ ચર્ચાનું સંચાલન પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી દક્ષેશભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કેબિનેટ સેક્રેટરી શ્રી પંકજભાઈ શાહે આભારવિધિ કરી હતી.

# First Preliminary Cabinet Meeting 2026-27





લાયન્સ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 B1 ની વર્ષ 2026-27ની પ્રથમ પ્રિલિમિનરી કેબિનેટ મીટિંગ સફળતાપૂર્વક યોજાઈ. DGE ગીર્વાણ મહેતાના માર્ગદર્શન હેઠળ આગામી વર્ષના સેવા, વહીવટ, નાણાકીય આયોજન, મિશન 1.5 અને વિવિધ જિલ્લા કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરવામાં આવી. સૌ કેબિનેટ અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ "Together WeCanDoMore" ના મંત્ર સાથે શ્રેષ્ઠ સેવા વર્ષ માટે સંકલ્પ વ્યક્ત કર્યો.

**અભિનંદન...! : મારી હોમ ક્લબ Lions Club of Ahmedabad Host** તેના ગૌરવપૂર્ણ 70 વર્ષ ઉજવી રહી છે. આ ઐતિહાસિક વર્ષમાં, તા. 30 મેના રોજ અમદાવાદના પૂર્વ વિસ્તાર બોપલમાં એક અત્યંત આધુનિક અને સર્વસુવિધાસભર બીજું ફિઝિયોથેરાપી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. અનુભવી થેરાપિસ્ટ્સ અને અદ્યતન સુવિધાઓ સાથે, અહીં દર્દીઓને અત્યંત કીફાયતી દરે ગુણવત્તાસભર સારવાર ઉપલબ્ધ બનશે, જે નિશ્ચિતરૂપે સમાજ સેવામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ પ્રોજેક્ટ માટે Jekson Foundation દ્વારા ઉદાર દાન પ્રાપ્ત થયું છે, તેના માટે દાતાશ્રી, શ્રીમતી ભાવનાબેન જીતેન્દ્રભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સાથે જ આ પ્રોજેક્ટને **LCIF દ્વારા 50,000 ડોલરનું Matching Grant** પ્રાપ્ત થયું છે, જે આપણા ડિસ્ટ્રિક્ટમાં વર્ષો પછી મળેલી ગૌરવસભર ગ્રાન્ટ છે. આ સિદ્ધિ સમગ્ર ડિસ્ટ્રિક્ટ માટે ગૌરવની બાબત છે.

આ સેન્ટરનું ઉદ્ઘાટન આપણા સૌના **પ્રિય PID પ્રવિણભાઈ છાજેડ,** ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી પ્રકાશ અગ્રવાલના હસ્તે ભવ્ય રીતે સંપન્ન થયું. આ ગૌરવપૂર્ણ પ્રસંગે મોટી સંખ્યામાં પૂર્વ ગવર્નરશ્રીઓ, કેબિનેટ અધિકારીઓ, સેવા મિત્રો તથા લાયન મિત્રો ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્યતા અને ગૌરવ પ્રદાન કર્યું. આ ઉમદા પ્રોજેક્ટ માટે ક્લબના ટ્રસ્ટીશ્રીઓ શ્રી રાજેશભાઈ શાહ અને શ્રી મિલનભાઈ દલાલ, પ્રમુખશ્રી પ્રવેશ મલ્હોત્રા તથા પ્રોજેક્ટ કોઓર્ડિનેટર ડૉ. અનંત યાદવને સમગ્ર ડિસ્ટ્રિક્ટ 3232B1 વતી હાર્દિક અભિનંદન પાઠવું છું. Lions Club of Ahmedabad Host એ ફરી એકવાર "We Serve" ના મંત્રને સાર્થક કર્યો છે.




# Save The Date

| 9 July \| 5:00 PM | 19 July \| 9:30 AM - 12:30 PM | 26 July \| 9:00 AM to 2:00 PM |
|---|---|---|
| **Pad Yatra** | **1st Cabinet Meeting** | **District Cabinet Installation** |
| From Lions Hall to Lions HUB | | NIRMA University, Ahmedabad |

## HONG KONG, 2026

**108th Lions International Convention**

265 $ International Convention Charge
1227 $ Tour Package + Flight Exp.

**108th Lions International Convention (LionsCon) will be held in Hong Kong, on July 3-7, 2026.**

**For further detail contact:**
**Girvan Mehta, District Governor M: 98257 80831 or**
**Kruti Trivedi, District Chairperson Convention M: 97279 99944**

**Exchange Rate Advantage LCI considers approx ₹85.92/USD**

# District Directory 2026–27

Grow your business while supporting a noble cause. Your advertisement not only promotes your brand but also contributes to meaningful service activities of Lions International. Financial support to District.

## ADVERTISEMENT OPTIONS Premium (Limited)

| | | | | | |
|---|---|---|---|---|---|
| Back Cover | 1,25,000 | Inside Back | 75,000 | Inner Page Full Page | 25,000 |
| Inside Front | 1,00,000 | Centre Spread | 50,000 | Half Page | 15,000 |